


માશા અને રીછ

રૂસી લોકકથા


ભેટકર્તા — મ૦ બુલાતોવ

માશા અને રીંછ



ચિત્રકાર — યે૦ રાચેવ

પ્રગતિ પ્રકાશન
મોસ્કો



કોઈ જમાનામાં ક્યાંક એક બૂઢો-બૂઢી રહેતાં હતાં. તેમને માશા નામે એક પોતરી હતી.

એક દિવસ કેટલીક બહેનપણીઓ ફળફૂલ વીણવા વનમાં જવા તૈયાર થઈ. માશાને પણ ભેગી લઈ જવાને ઈરાદે એ બધી તેને બોલાવવા આવી.

"દાદાજી, દાદાજી! દાદીમા, દાદીમા! હું બહેનપણીઓ ભેગી વનમાં જાઉં?" માશાએ રજા માગી.

"જા, બેટી, ખુશીથી જા, પણ તારી બહેનપણીઓનો સંગાથ છોડીશ મા, નહિતર વનમાં ભૂલી પડી જઈશ," દાદાએ ને દાદીએ રજા આપતાં શિખામણ દીધી.

બધી બહેનપણીઓ વનમાં પહોંચી અને ફળફૂલ વીણવા લાગી. માશા એક ઝાડથી બીજા ઝાડ પાસે અને એક ઝાડીમાંથી બીજી ઝાડીમાં ફળફૂલ વીણતી વીણતી બહેનપણીઓથી બહુ આઘી નીકળી ગઈ.

માશાએ બહેનપણીઓને ખૂબ સાદ પાડયા પણ તેનો અવાજ બહેનપણીઓ સુધી પહોંચ્યો જ નહિ. તેને ક્યાંયથી જવાબ ન મળ્યો.

માશા વનમાં રસ્તો સાવ ભૂલી ગઈ અને આમથી તેમ ભટકતી આગળ ચાલી.

ચાલતાં ચાલતાં તે વનના એક તદ્દન સૂમસામ અને ગીચ ભાગમાં જઈ પહોંચી. ત્યાં તેણે એક ઝૂંપડી જોઈ. માશાએ બારણું ખખડાવ્યું પણ બારણું કોઈએ ખોલ્યું નહિ. તેણે બારણું જરાક હડસેલ્યું કે તરત જ એ ખૂલી ગયું.

માશા ઝૂંપડીમાં ગઈ અને બારી પાસે પડેલા બાંકડા ઉપર બેસી ગઈ.

બેઠી બેઠી તે વિચારવા લાગી—"અહીં કોણ રહેતું હશે? કોઈ નજરે કેમ પડતું નથી?.."

એ ઝૂંપડીમાં તો એક મોટા રીંછનું ઘર હતું. માશા પહોંચી ત્યારે એ ઘરમાં નહોતું, વનમાં રખડવા ગયું હતું.

સાંજ પડી એટલે રીંછ ઘેર આવ્યું અને ઘરમાં માશાને બેઠેલી જોઈને ખૂબ રાજી થઈ ગયું.

"વાહ રે વાહ! હવે તને જવા નહિ દઉં. મારા ઘરમાં જ રહેવું પડશે. રોજ ચૂલો સળગાવજે, ખીચડી પકાવજે, અને મને ખવડાવજે!" રીંછ બોલ્યું.



માશા તો છળી ગઈ અને દુ:ખી દુ:ખી થઈ ગઈ. પણ કરેય શું? લાચાર થઈને તે રીંછની ઝૂંપડીમાં રહેવા લાગી.

રીંછ આખો દિવસ વનમાં રખડતું. જતી વેળા માશાને હુકમ આપી જતું કે હું ઘેર આવું ત્યાં સુધી ઝૂંપડીની બહાર પગ ન મૂકીશ.

રીંછ કહેતું—"બહાર નીકળીશ તો હું તને ગમે તેમ કરીને પકડી જ લઈશ, અને પછી ખાઈ જઈશ!"

માશા વિચાર કરતી કે આ રીંછના પંજામાંથી છટકવું કેવી રીતે. ચોતરફ વન છવાયેલું છે. કઈ દિશામાં જવું એની ખબર જ પડતી નથી. અને પૂછવુંય કોને?..

માશા વિચાર કરતી રહી, વિચાર કરતી રહી, અને આખરે તેને એક તરકીબ સૂઝી ગઈ.

એક દિવસ રીંછ વનમાંથી પાછું આવ્યું ત્યારે માશાએ તેને કહ્યું—

"અરે એ રીંછ, મને એક દિવસ મારા ગામમાં જવા દે. મારે થોડાંક પકવાન મારાં દાદા-દાદીને પહોંચાડવાં છે."

"ના, તું વનમાં ખોવાઈ જઈશ. લાવ, મને આપ બધું, હું જ જઈને આપી આવું છું," રીંછે કહ્યું.

માશાને તો એ જ જોઈતું હતું.

માશાએ સરસ મજાનાં સમોસાં તળ્યાં. પછી એક મોટામાં મોટી ટોપલી કાઢી, અને રીંછને કહ્યું—

"આમ જો, સમોસાં આ ટોપલીમાં ભરી દઉં છું. તું જઈને આ ટોપલી મારા દાદા-દાદીને આપી આવજે. હા, પણ આટલી વાત યાદ રાખજે—ટોપલી રસ્તામાં ખોલીશ મા અને તેમાંથી સમોસાં કાઢીશ મા. હું ઝાડ ઉપર ચડીને બેઠી બેઠી તારી ઉપર નજર માંડી રાખીશ."



"બહુ સારું, લાવ ટોપલી!" રીંછ બોલ્યું.

માશાએ કહ્યું —

"જરાક ઓસરીમાં જઈને જોઈ આવ તો, વરસાદ તો નથી પડતો ને?"

રીંછ ઓસરીમાં ગયું કે તરત જ માશા ઝટપટ ટોપલીમાં બેસી ગઈ. ટોપલીમાં બેસીને તેણે સમોસાંથી ભરેલી થાળી પોતાના માથા ઉપર ગોઠવી દીધી.

રીંછે પાછા આવીને જોયું તો ટોપલી તૈયાર પડેલી. તેણે ટોપલી ઉપાડીને પીઠે લાદી અને ગામ તરફ ચાલી નીકળ્યું.

ઝાડવેલાની ગીચ ઝાડીઓમાં થઈને રીંછ તો ચાલ્યું જાય છે. રસ્તામાં પડતી ખીણોમાં ઊતરે છે, ડુંગરીઓની ઉપર ચડે છે, અને એમ આગળ ચાલતું જાય છે. ચાલતાં ચાલતાં આખરે રીંછ થાકી ગયું અને પોતાને જ કહેતું બોલ્યું —

"ચાલ બેસું કોક ઠૂંઠિયું ગોતીને,
અને ખાઉં સમોસાં પેટ ભરીને!"

એ સાંભળીને માશા ટોપલીમાંથી બોલી —

"જોઈ રહી છું, જોઈ રહી છું,
બેસતો નહિ કોક ઠૂંઠિયું ગોતીને,
ખાતો નહિ સમોસાં પેટ ભરીને!
એને દાદા પાસે લઈ જા,
એને દાદી પાસે લઈ જા!"

"તોબા! કેવી તેજ નજર છે આ છોકરીની! એને તો બધું જ દેખાઈ જાય છે!" રીંછ બોલ્યું.



રીંછે ટોપલી ઉપાડી અને વળી પાછું આગળ ચાલ્યું. રીંછ તો ચાલતું રહ્યું, ચાલતું રહ્યું, પણ આખરે ખૂબ થાકીને ફરી વાર ઊભું રહી ગયું અને બોલ્યું —

"ચાલ બેસું કોક ઠૂંઠિયું ગોતીને,
અને ખાઉં સમોસાં પેટ ભરીને!"

ટોપલીમાં બેઠી બેઠી માશા પાછી બોલી —

"જોઈ રહી છું, જોઈ રહી છું,
બેસતો નહિ કોક ઠૂંઠિયું ગોતીને,
ખાતો નહિ સમોસાં પેટ ભરીને!
એને દાદા પાસે લઈ જા,
એને દાદી પાસે લઈ જા!"

રીંછને ભારે અચંબો થયો —

"બહુ ચાલાક છોકરી છે! ખૂબ ઊંચી જગ્યાએ જઈને બેઠી હોય એમ લાગે છે, બધું જ જોઈ જાય છે!"

રીંછ વળી પાછું પગલાં માંડતું ગામ તરફ ચાલ્યું.

ગામે પહોંચીને તેણે માશાનાં દાદા-દાદીનું ઘર ગોતી કાઢ્યું અને પૂરું જોર લગાવીને માંડ્યું ઝાંપો ખખડાવવા —

"ખટ-ખટ-ખટ! સાંકળ ખોલો, ઝાંપો ઉઘાડો! માશાએ તમારી સારુ સમોસાં મોકલ્યાં છે!"

એ જ વખતે કૂતરાંને રીંછની ગંધ આવી ગઈ અને તેની ઉપર તૂટી પડયાં. આજુબાજુનાં બધાં ફળિયાંનાં કૂતરાં પણ ભસતાં અને દોડતાં તેની તરફ ધસી આવ્યાં.

રીંછ બી ગયું. તેણે ટોપલી ઝાંપા પાસે જ પડતી મૂકી અને આંખ-બંધ કરીને વન તરફ એવી દોટ મૂકી કે બસ! તેણે પાછું વળીને જોયું જ નહિ.




દાદા અને દાદી બહાર આવ્યાં. તેમણે ઝાંપા પાસે પડેલી ટોપલી જોઈ.

"આ ટોપલીમાં શું હશે?" દાદીમા બોલ્યાં.

દાદાએ ઢાંકણું ઊંચું કરીને જોયું તો તેમને પોતાની નજર ઉપર જ વિશ્વાસ ન બેઠો—ટોપલીમાં તો બેઠેલી માશા — જીવતીજાગતી અને સાજીનરવી.

દાદા અને દાદીની ખુશીનો પાર ન રહ્યો. તેમણે માશાને તેડીને છાતી સરસી ચાંપી અને તેની ઉપર બચ્ચીઓનો વરસાદ વરસાવી દીધો. બચ્ચી ભરતાં જાય ને કહેતાં જાય—"બેટી અમારી ભારે ચતુર, બેટી અમારી ભારે ચતુર!"



અનુવાદક — અતુલ

Маша и медведь
Русская народная сказка
на языке гуджарати